પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૪૬ | ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૮, સોમવાર ; ફાગણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**સૌરાષ્ટ્ર-કચ્છમાં ૪.૧ની તીવ્રતાવાળો ભૂકંપનો આંચકો**

કચ્છના ભચાઉ નજીક એપીસેન્ટર ધરાવતા ભૂકંપના આંચકાની અસર ભુજ, ગાંધીધામ, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠામાં પણ અનુભવાયો હતો. તેની તીવ્રતા ૪.૧ની નોંધાઈ હતી.

**આંતકી ગાર્ડની બંદૂક લઈ ભાગ્યો**

જમ્મુ-કાશ્મીરના બડગામમાં આંતકવાદીઓએ જમ્મુ-કાશ્મીર પોલીસના એક ગાર્ડ પર હુમલો કર્યો હતો. તેના પર ફાયરીંગ કરાયુ. ફાયરીંગ આંતકવાદીઓ તેની રાયફલ લઈ ભાગી ગયા હતા.

**કર્ણાટકમાં ખેડૂતોને લોન માફી મળશે : અમિત શાહ**

ભાજપના અધ્યક્ષ અમિત શાહે કર્ણાટકના હુમ્નાબાદમાં એક રેલી યોજી હતી. ચૂંટણી સંદર્ભે યોજાયેલી આ રેલીમાં અમિત શાહે કહ્યુ હતુ કે જો કર્ણાટકમાં તેમની પાર્ટી સત્તા પર આવશે તો ખેડૂતોને લોન માફી મળશે.

**દિલ્હીમાં ૯૨ લાખના સોના સાથે ચાઈનીઝની ધરપકડ**

એરપોર્ટ અધિકારીઓએ લગભગ ૯૨ લાખ રૂપિયાના મૂલ્યના સોનાથી કથિત તસ્કરીના આરોપસર દિલ્હી એરપોર્ટ પર એક ચાઈનીઝની ધરપકડ કરી છે.

# મન કી બાતમાં નારી શક્તિનો મહિમા ગાન

**નારીઓએ જ દેશને આગળ લઈ જવાનું કામ કર્યું છે : વૈજ્ઞાનિક વિચાર હોવા જરૂરી છે, જેનાથી જ પાણીનો રંગ શોધાયો : નરેન્દ્ર મોદી**

ન્યુ દિલ્હી,તા.૨૫

વડાપ્રધાન મોદી રવિવારે ૪૧મી વખત મન કી બાત રજૂ કરી. મોદીએ ૨૮ ફેબ્રુઆરીએ નેશનલ સાયન્સ ડેથી પહેલાં વિજ્ઞાનની વાત કરી. તેઓએ આ દરમિયાન ભારતીય વૈજ્ઞાનિક સીવી રમન અને જગદીશચંદ્ર બોઝની ઉપલબ્ધિઓ ગણાવી. તેઓએ કહ્યું કે, "મને વિજ્ઞાનને લઈને અને સાથીઓએ પ્રશ્ન પૂછ્યાં છે. ક્યારેય આપણે વિચાર્યું છે કે પાણી રંગીન કેમ થઈ જાય છે? આ પ્રશ્નએ ભારતના એક મહાન વૈજ્ઞાનિકને જન્મ આપ્યો. ડો.સીવી રમન પ્રકાશકે પ્રકીર્ણન માટે નોબલ પ્રાઈઝ આપ્યું છે. ૨૮ ફેબ્રુઆરીએ જ તેઓએ આ શોધ કરી હતી. આ દિવસે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ મનાવવામાં આવે છે." મોદીએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ખાસિયતો પણ જણાવી. આ ઉપરાંત તેઓએ લાઈટ બલ્બની શોધ અને તેમાં વારંવાર અસફળ રહેનારા એડિસનની વાત પણ જણાવી.

મોદીએ કહ્યું કે, "આપણે ત્યાં અનેક વૈજ્ઞાનિકો થયાં. પ્રાચીન કાળમાં ચિકિત્સા ક્ષેત્રમાં ચરક, સુશ્રુત થયાં તો જગદીશચંદ્ર બોઝ અને સત્યેન્દ્ર બોઝ પણ થયાં. સત્યેન્દ્રના નામે બોસોન નામનો કણ પણ છે."મોદીએ એડિસનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, "એડિસન અનેક વખત અસફળ રહ્યાં. તેઓએ કહ્યું હતું કે બલ્બ બનાવવા ૧૦ હજાર રીત શોધી, તેઓએ પોતાની અસફળતાને સફળતામાં બદલી હતી."

"આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જીવનને વધુ સહેલું બનાવે છે. હવે ન બોલાનરો શખ્સ પણ બોલી શકે છે. કોઈપણ મશીન તેવું જ કામ કરશે જેવું આપણે ઈચ્છીશું. પરંતુ તે આપણે નક્કી કરવાનું છે કે આપણે તેમની પાસેથી કેવું કામ લઈશું."

પીએમએ ૪ માર્ચે વર્લ્ડ સેફ્ટી ડે પહેલાં દૂર્ઘટનાઓનો પણ ઉલ્લેખ કર્યો છે. તેઓએ કહ્યું કે આપણી સતર્કતા દૂર્ઘટનાઓને

● અનુસંધાન પાન-૭ પર





વસંતના વધામણા - પાટનગરના પાદરે સાબરને કિનારે આવેલ સંસ્કૃતિ કુંજમાં પ્રતિવર્ષની પરંપરા મુજબ વસંતોત્સવનો ઉલ્લાસમય વાતાવરણમાં પ્રારંભ થયો હતો... વિવિધ રાજ્યોના કલાકારો અલગ અલગ નૃત્યશૈલીની અભિવ્યક્તિથી કલાપ્રેમીઓ દાદ મેળવે છે... ગાંધીનગરના અને આસપાસના કલાપ્રેમીઓ મોટી સંખ્યામાં કલા અભિવ્યક્તિને નિહાળવા રોજ સાંજે ઉમટે છે...

# લોકપ્રિય અભિનેત્રી શ્રીદેવીની વિદાયથી ફિલ્મ જગતમાં આઘાત




**દુબઈમાં લગ્ન પ્રસંગમાં પરિવાર સાથે હતા ત્યારે હૃદયરોગનો હુમલો : મોહિત મારવાના લગ્નમાં સંગીત અને અન્ય કાર્યક્રમમાં સ્વસ્થ દેખાયા બાદ એટેક : પાર્થિવ શરીરને મુંબઈ લાવવામાં વિલંબ**

મુંબઈ, તા. ૨૫

પોતાના શાનદાર અભિનયથી સિનેમા પ્રેમીઓના દિલોદિમાગ ઉપર છવાઈ ગયેલી બોલીવુડની લોકપ્રિય અભિનેત્રી શ્રીદેવી હવે અમારી વચ્ચે રહી નથી. શ્રીદેવી દુબઈમાં હતી ત્યારે જ હાર્ટએટેકના કારણે તેમનું એકાએક નિધન થતાં કરોડો ચાહકો આઘાતમાં ગરકાવ થઈ ગયા છે. શ્રીદેવી ૫૫ વર્ષની હતી. શ્રીદેવીને હિન્દી ફિલ્મોની પ્રથમ સુપર સ્ટાર તરીકે પણ ગણવામાં આવે છે. વર્ષ ૨૦૧૩માં શ્રીદેવીને પદ્મશ્રી સન્માનથી નવાઝવામાં આવી હતી. શ્રીદેવી બોની કપૂરના ભાણિયા મોહિત મારવાના લગ્નમાં ભાગ લેવા માટે પરિવાર સાથે દુબઈ પહોંચી હતી. શાનદાર લગ્ન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# સંઘના સમાગમમાં લાખોની સંખ્યામાં સ્વયંસેવક પહોંચ્યા



**સમગ્ર મેરઠ વિસ્તાર ભગવા રંગે રંગાયું : ૩ લાખથી વધુ લોકો ઉમટી પડ્યા : મોહન ભાગવત પણ પહોંચ્યા અનેક પ્રધાનો પણ સ્વયંસેવકના ગણવેશમાં પહોંચ્યા**

મેરઠ, તા. ૨૫

ક્રાંતિકારીઓની ધરતી ગણાતી મેરઠમાં રાષ્ટ્રી સ્વયંસેવક સંઘના કાર્યક્રમમાં આજે સ્વયંસેવકો ઉમટી પડ્યા હતા. ચારેબાજુ ભગવા ધ્વજ જોવા મળ્યા હતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના આશરે ત્રણ લાખ સ્વયંસેવકો પહોંચવાના લીધે સમગ્ર વાતાવરણ કેસરિયા બની ગયું હતું. સંઘના કાર્યક્રમ રાષ્ટ્રોદયમાં ભાગ લેવા માટે સવારથી જ સ્વયંસેવકો મેરઠમાં ઉમટી પડ્યા હતા. બપોર સુધી સ્વયંસેવકો દ્વારા પહોંચવાનો સિલસિલો જારી રહ્યો હતો. સમગ્ર આયોજન દરમિયાન વીઆઈપી લોકોનો કોઈ હોબાળો રહ્યો ન હતો. અહીં પહોંચનાર મંત્રી, સાંસદ, ધારાસભ્ય પણ સામાન્ય સ્વયંસેવકના રુપમાં સમાગમ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પહોંચી રહ્યા હતા. જિલ્લામાં સમાગમ તરફથી આવનાર આઠ પ્રમુખ માર્ગો ઉપર પ્રવેશ દરમિયાન જ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમની સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવામાં આવી હતી. એડીજી, આઈજી, એસએસપી સવારથી જ ઉપસ્થિત રહ્યા હતા. સંઘ પ્રમુખ મોહન ભાગવત પણ પહોંચ્યા હતા. સ્વયંસેવકોની લાખોની ભીડના પરિણામ સ્વરુપે મેરઠ ભગવા રંગમાં રંગાઈ ગયું હતું. ગૌત્તમબુદ્ધ નગર, ગાઝિયાબાદ, બુલંદ શહેર, હાપુડ, બાગપત, સામલી, મુઝફ્ફરનગર, સહારનપુર, બિજનૌર તરફથી લાખોની સંખ્યામાં સ્વયંસેવકો પહોંચવા લાગી ગયા હતા. ત્રણ લાખ લોકો કાર્યક્રમ માટે પહોંચ્યા હતા. કેબિનેટ મંત્રી મહેશ શર્મા, પ્રદેશના મંત્રી કેએસ રાણા, ઉપમા જયસ્વાલ, ધર્મસિંહ સૈની પણ ઉપસ્થિત રહ્યા હતા.

# દેશવાસી સંકલ્પ કરશે તો વિશ્વમાં ભારતનો ડંકો રહેશે : નરેન્દ્ર મોદી

**સુરત નાઇટ મેરેથોનના પ્રારંભે મોદીનું સંબોધન : ૩૧મી ઓક્ટોબરે રન ફોર યુનિટી અને ૨૧મી જૂને યોગા દિવસમાં મોટાપાયે ભાગ લેવા આહ્વાન : ન્યુ ઇન્ડિયા જાતિવાદથી મુક્ત રહે તે જરૂરી : મોદી**

સુરત, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સુરતમાં મોડી સાંજે પહોંચ્યા હતા. સુરત નાઈટ મેરેથોનને લીલીઝંડી આપતા પહેલા મોદીએ ઉપસ્થિત રહેલા મોટી સંખ્યામાં લોકોને સંબોધન પણ કર્યું હતું. મોદીએ પોતાના જુસ્સેદાર સંબોધનમાં કહ્યું હતું કે, જો તમામ ભારતવાસી સાથે મળીને સંકલ્પ કરી લેશે તો વિશ્વમાં ભારતનો ડંકો વાગશે. મોદીએ આ પ્રસંગે ન્યુ ઈન્ડિયા કેવું રહેશે તેને લઈને પણ વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ન્યુ ઈન્ડિયા જાતિવાદથી મુક્ત રહે, ભ્રષ્ટાચારથી મુક્ત રહે, ગરીબીથી મુક્ત રહે તે જરૂરી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, નવા ભારતમાં તમામ યુવાનો પોતાના સપનાને પૂર્ણ કરવા આગળ આવી શકે તેનું નિર્માણ કરવામાં આવશે.

તેમણે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, હોળી પર્વ આડે હજુ કેટલાક દિવસો રહેલા છે પરંતુ સુરતના લોકોએ રોશનીના રંગ સાથે હોળીની ઉજવણી પહેલાથી જ કરી લીધી છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, ૩૧મી ઓક્ટોબરના દિવસે સરદાર પટેલની જન્મજયંતિના પ્રસંગે રન ફોર યુનિટીનું આયોજન દેશમાં કરવામાં આવનાર છે. સુરત રન ફોર યુનિટીમાં પણ નવા રેકોર્ડ સર્જે તેમ અમે ઈચ્છીએ છીએ. તેમણે ઉમેર્યું હતું કે, સુરતના લોકો જે નક્કી કરી લે છે તે કામ કરી

● અનુસંધાન પાન-૭ પર

# ત્રિપુરા અને નાગાલેન્ડમાં ભાજપનો ભવ્ય વિજય થશે : કિરન રિજ્જુ

નવીદિલ્હી, તા. ૨૫

કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી કિરન રિજ્જુએ દાવો કર્યો છે કે, નાગાલેન્ડ અને ત્રિપુરામાં ભાજપની સરકાર બનવા જઈ રહી છે. તેમણે કહ્યું હતુ કે, મેઘાલયમાં પણ ચોક્કસપણે ભાજપની સ્થિતિમાં સુધારો થનાર છે. જો કે, બે રાજ્યોમાં ભાજપ સરકાર બનાવી લેશે. સમગ્ર ઉત્તર પૂર્વ માટે ચૂંટણીની સ્થિતિ ભાજપ માટે સારી દેખાઈ રહી છે. પત્રકારો સાથે વાતચીત કરતા કિરેન રિજ્જુએ કહ્યું હતું કે, આસામ, મણિપુર અને અરુણાચલમાં સરકાર બનાવી લીધા બાદ ત્રણ રાજ્યોમાં યોજાઈ રહેલી ચૂંટણીમાં પણ પાર્ટીનો દેખાવ જોરદાર રહેશે.

# ત્રીજી ટ્વેન્ટી મેચમાં આફ્રિકા પર ભારતની સાત રને રોમાંચક જીત

કેપટાઉન,તા. ૨૫

કેપટાઉન ખાતે રમાયેલી ત્રીજી અને અંતિમ ટ્વેન્ટી રોમાંચક મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકા ઉપર માત્ર સાત રને રોમાંચક જિત મેળવીને વનડે બાદ ટ્વેન્ટી શ્રેણી પણ ૨-૧થી જીતી લીધી હતી. સમગ્ર શ્રેણીમાં બોલિંગમાં શાનદાર દેખાવ કરીને તમામનું ધ્યાન ખેંચનાર ભુવનેશ્વર કુમારની મેન ઓફ દ સિરીઝ તરીકે પસંદગી કરવામાં આવી હતી જ્યારે મેન ઓફ દ મેચ તરીકે સુરેશ રૈનાની પસંદગી કરાઈ હતી. રૈનાએ ૨૭ બોલમાં પાંચ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૪૩ રન ફટકાર્યા હતા જ્યારે શિખર ધવને ૪૭ રન કર્યા હતા. ભારતે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૨ રન કર્યા હતા.






ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ દર ગુરૂવારે

જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર

હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧

સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation


## બેસણું



અમારા પરમ પૂજ્ય બાપુજી **ચંદનસિંહ નાથુસિંહ ચાવડા** (રીટાયર્ડ ડી.વાય.એસ.પી.) પૂર્વ પ્રમુખ રાજપૂત સમાજ ગાંધીનગર નું તા.૨૫-૨-૨૦૧૮ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૬-૨-૨૦૧૮ સોમવારે સવારે ૯.૦૦ થી ૪.૦૦ સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

● નિવાસસ્થાન ●

પ્લોટ નં.૩૫૩, સેક્ટર-૨૯, ઘ-૬ નજીક, ગાંધીનગર. મો. ૯૪૨૭૬૨૧૧૨૫, ૯૪૨૯૯૬૬૮૪૮

લિ.

ચાવડા મહેન્દ્રસિંહ ચંદનસિંહ (પુત્ર) ચાવડા રવિરાજસિંહ મહેન્દ્રસિંહ (પૌત્ર)

ચાવડા રાજેન્દ્રસિંહ ચંદનસિંહ (પુત્ર) ચાવડા યોગરાજસિંહ રાજેન્દ્રસિંહ (પૌત્ર)

ચાવડા ચંદ્રરાજસિંહ જીતેન્દ્રસિંહ (પૌત્ર)


અમદાવાદશ્રી નરનારાયણ દેવ સંસ્થા સંસ્થાપિત

**શ્રી સહજાનંદ ગુરૂકુલ - કોટેશ્વર**

વાયા - મોટેરા, તા.જી. ગાંધીનગર

ફોન નં. (૦૭૯) ૨૩૯૬૯૩૭૦ / ૨૩૯૬૯૩૯૮

શ્રી સહજાનંદ ગુરૂકુલ-કોટેશ્વર મુકામે ધો.૧ થી ૫ની નવી શરૂ થતી ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળા માટે નીચેનો સ્ટાફ

**જોઈએ છે**

(૧) અનુભવી આચાર્ય બહેન
(૨) પી.ટી.સી./બી.એડ. શિક્ષકા બહેનો
(૩) પીઢ અને અનુભવી ગૃહપતિ - ભાઈઓ
(૪) કોમ્પ્યુટર જાણકાર ક્લાર્ક
(૫) કોમ્પ્યુટર શિક્ષિકા બહેનો
(૬) પટાવાળા ભાઈઓ / બહેનો
(૭) સફાઈ કામદાર બહેનો

તા. ૫/૩/૨૦૧૮ને સોમવારના રોજ તમામ પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલો અને અરજી સાથે સવારે ૮-૩૦ થી ૧૧-૦૦ સુધીમાં સ્વખર્ચે રૂબરૂ મળવું.

સંચાલકશ્રી

સહજાનંદ ગુરૂકુલ-કોટેશ્વર